# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-08-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## 500 જન રક્ષક વાહનોને પ્રસ્થાન:

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગર ખાતેથી 500 નવા અત્યાધુનિક '112-જનરક્ષક' વાહનોનું પ્રસ્થાન કરાવ્યું. આ નવા વાહનોના ઉમેરા સાથે હવે સમગ્ર રાજ્યમાં 24 કલાક કુલ એક હજાર 'જનરક્ષક' વાહનો કટોકટી પ્રતિભાવ માટે તૈનાત રહેશે. નવા વાહનો અને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી આ સમયને 8 મિનિટથી નીચે લાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે રાજ્યમંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, જનરક્ષક પ્રોજેક્ટના અમલીકરણના માત્ર 11 માસના ટૂંકા ગાળામાં 11 લાખ 4 હજારથી વધુ ઇમરજન્સી કોલમાં સંકલિત સેવાઓ પૂરી પાડવામાં આવી છે, જ્યારે 6 લાખ 74 હજારથી વધુ પોલીસ ઇમરજન્સી બનાવોમાં તાત્કાલિક સેવા આપવામાં આવી છે.**

---------------------------------------------------------------------------------------------

## પ્લાસ્ટિકના ઉપયોગ પર રોક :

**રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં હવે પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરાશે. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર અનુસાર ટકાઉ અને પર્યાવરણલક્ષી કાર્યપ્રણાલીને વેગ આપવા સચિવાલયથી લઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સુધી તમામ કચેરીઓમાં આ નિર્ણય લાગુ કરાશે. પ્લાસ્ટિકના બદલે કાગળ, શણ અને કાપડમાંથી બનેલા પર્યાવરણ અનુકૂળ ફાઈલ કવરનો ઉપયોગ કરાશે. હાલમાં કચેરીઓમાં ઉપલબ્ધ પ્લાસ્ટિક સ્ટેશનરીનો સ્ટોક પૂર્ણ થયા બાદ નવી તમામ ખરીદી આ પર્યાવરણીય દિશાનિર્દેશો મુજબ જ કરવાની રહેશે.**

---------------------------------------------------------------------------------------------

## ભુજમાં સંસ્કૃત ગૌરવ યાત્રા:

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા વહીવટીતંત્રના ઉપક્રમે ભુજમાં 'સંસ્કૃત ગૌરવ યાત્રા' યોજાવાની સાથે જ સંસ્કૃત સપ્તાહનો પ્રારંભ થયો હતો.

જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ અને પ્રદીપ્તાનંદ સ્વામીજી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રારંભિક કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ મહાનુભાવોના હસ્તે ધ્વજ ફરકાવીને યાત્રાને પ્રસ્થાન કરાવાયું હતું.

શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ યાત્રા જ્યુબિલી ગ્રાઉન્ડથી શરૂ થઈ વી.ડી. હાઈસ્કૂલ અને ઇન્દિરાબાઈ હાઈસ્કૂલ થઈને હમીરસર તળાવ સુધી પહોંચી હતી, જ્યાં સંસ્કૃત ગીતો અને નૃત્ય રજૂ કરી સમાપન કરાયું હતું.

તો બીજી તરફ નખત્રાણા શહેરમાં પણ સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ વધારવાના હેતુથી ભવ્ય સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ હતી. આ રેલીમાં વિવિધ શાળાઓના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

---

## કચ્છમાં વરસાદની ઘટ:

ઓગસ્ટ પૂરો થવા છતાં કચ્છમાં 'મોન્સૂન બ્રેક' સર્જાતા વરસાદની ઘટ ૫૪%એ પહોંચી છે અને ઓછા વરસાદ વાળા જિલ્લાઓમાં કચ્છ ચોથા નંબરે છે. છેલ્લે ૨૦૧૮માં દુષ્કાળ પડ્યો હતો, પરંતુ ત્યારબાદના સાત વર્ષ સારા વરસાદ બાદ આ વર્ષે ૨૦૧૮ પછીનું સૌથી નબળું ચોમાસું જોવા મળી રહ્યું છે.

રાપર સિવાયના તાલુકાઓમાં મેઘકૃપા ન વરરસતાં ડેમોનાં તળિયાં દેખાયા છે અને આગામી સમયમાં પીવાના પાણી તથા ઘાસચારાની વિકટ સમસ્યા સર્જાવાની દહેશત છે. જોકે, ભૂતકાળમાં ૨૦૨૧ની જેમ સપ્ટેમ્બરમાં વરસેલા પાછોતરા વરસાદે ચિત્ર પલટાવ્યું હતું, તેવી જ રીતે આ વર્ષે પણ પાછોતરા વરસાદ જ કચ્છની ધરાને તૃપ્ત કરશે તેવી આશા કચ્છીમાડુઓ સેવી રહ્યા છે.

---

## DPAની સિધ્ધિ:

દેશના તમામ મહાબંદરોમાં અગ્રેસર રહેલા કચ્છના દીનદયાલ પોર્ટ દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં વધુ એક સીમાચિહ્ન હાંસલ કરવામાં આવ્યું છે. પોર્ટે ગત ૨૨ ઓગસ્ટ સુધીમાં ૭0.03 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગ કરી ઇતિહાસ રચ્યો છે.

આ લક્ષ્યાંક ગત વર્ષની સરખામણીમાં પૂરા ૩૨ દિવસ વહેલો હાંસલ થયો છે અને ગત વર્ષ કરતાં ૨૩.૦૨% નો શાનદાર ગ્રોથ નોંધાયો છે. આ અગાઉ પોર્ટે ૫૦ MMT કાર્ગો હેન્ડલિંગનો રેકોર્ડ પણ સૌથી ઝડપથી બનાવ્યો હતો.

કેન્દ્રીય શિપિંગ મંત્રીએ આ સિદ્ધિને બિરદાવી છે. ગત નાણાકીય વર્ષમાં ૧૬૦ MMT કાર્ગો હેન્ડલ કરનાર દીનદયાલ પોર્ટ હવે આગામી સમયમાં ૧૭૦ મિલીયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગના મહત્વાકાંક્ષી લક્ષ્યાંક તરફ આગળ વધી રહ્યું છે.

---

## ભુજમાં દબાણ હટાવ ઝુંબેશ:

ભુજ શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યા હલ કરવા નગરપાલિકા દ્વારા દબાણ હટાવ ઝુંબેશ તેજ કરાઈ છે. પોલીસ બંદોબસ્ત સાથે ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ બાદ આજે હોસ્પિટલ રોડ પર જેસીબીની મદદથી લારી-ગલ્લા, હોર્ડિંગ્સ અને બેનરો જેવા અતિક્રમણો દૂર કરાયા હતા.

પાલિકાની નોટિસ બાદ કેટલાક વેપારીઓએ જાતે દબાણ હટાવ્યું હતું, જ્યારે બાકીના પર તંત્રએ કાર્યવાહી કરી હતી. આ પગલાથી રાહદારીઓને રાહત મળી છે, પરંતુ વૈકલ્પિક વ્યવસ્થા વગર દબાણો હટાવાતા નાના લારીધારકો અને રોજગાર ગુમાવતા શ્રમિકોમાં અસંતોષ અને નારાજગી ફેલાઈ છે.

---

# નેત્રદાન પખવાડિયાની ઉજવણી:

**ભુજ સ્થિત જી.કે. જનરલ હોસ્પિટલના નેત્ર વિભાગ દ્વારા ૨૫ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર દરમિયાન ૪૧મા રાષ્ટ્રીય નેત્રદાન પખવાડિયાની ઉજવણી કરાશે. 'નેત્રદાનનો એક સંકલ્પ, બેને દૃષ્ટિ' ના સંદેશ સાથે વિવિધ સંસ્થાઓના સહયોગથી જનજાગૃતિ અભિયાન ચલાવાશે.**

**નેત્ર વિભાગના વડા ડો. કવિતાબેન શાહ અને તેમની ટીમ દ્વારા ગેરમાન્યતાઓ દૂર કરી નેત્રદાન અંગે વૈજ્ઞાનિક માહિતી અપાશે. પખવાડિયા દરમિયાન જાહેર સ્થળોએ પોસ્ટર પ્રદર્શન, સોશિયલ મીડિયા જાગૃતિ, ત્રિમંદિર ખાતે વિશેષ કાર્યક્રમો અને નેત્રદાન પ્રતિજ્ઞા અભિયાન સહિતના સર્જનાત્મક આયોજનો યોજાશે.**

**------------------------------------------------------------------------------------------------**